**<u>ફો.પ.અરજી નં.૬૪/૨૦૨૬</u>**

**-:: સાઈબર ક્રાઈમ પો.સ્ટે.એકલોઝમેન્ટ નં.૩૧૧૧૨૨૫૦૨૬૫૧૯૭/૨૦૨૬**
**મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી લગત હુકમ ::-**

---

**(૧).** અરજદાર **રંજનકુમાર મોહન શ્રીવાસ્તવ**ની અરજી વંચાણે લીધી. સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ. અરજદારે તેઓની સાથે થયેલ સાઈબર ફ્રોડની ફ્રીઝ કરેલી રકમ **રૂા.૭૫,૦૦૦/-** ની પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**(૨).** અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં આંક-૦૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક-૩/૧ થી માર્ક-૩/૫ સુધીના દસ્તાવેજી આધાર-પુરાવાઓ રજુ રાખેલ છે.

**(૩).** અરજદારે હાલની અરજી કરતા રાણાવાવ પોલીસ સ્ટેશન તરફથી અરજદારની અરજી સંબંધે અભિપ્રાય મંગાવવામાં આવતા **<u>આંક-૦૪</u>** થી રાણાવાવ પોલીસ સ્ટેશન નાં <u>પો.હે.કો.શ્રીનો</u> અભિપ્રાય રજુ થયેલ છે અને તેઓએ તેમના અભિપ્રાયમાં અરજદારને રૂપિયા પરત સોંપવાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

**(૪).** હાલના કામે રજુ થયેલ અરજદારની અરજી તેમજ તેની સાથેના દસ્તાવેજો તથા ત.ક.અમલદાર, રાણાવાવ પો.સ્ટે.નાંઓનો અરજદારની અરજી પરત્વેનો અભિપ્રાય વિગેરે વંચાણે લેતાં, આ કામનાં અરજદાર સાથે સાયબર ફ્રોડ થયેલ હોવાનું પ્રથમ દર્શનિય જણાય આવે છે અને તે ગુન્હાના કામે અરજદારના **<u>HDFC BANK, Branch: Dhamnod, State: MADHYA PRADESH ACO.NO.50100161171241</u>** માં થી **<u>રૂા.૭૫,૦૦૦/-</u>** ટ્રાન્સફર થઈ ગયેલા હોવાનું અને તે નાંણા અરજીમાં જણાવેલ શંકાસ્પદ ખાતામાં જમા થયેલા હતા અને તે ખાતામાં તપાસ કરનાર અમલદારે તપાસ કરી તે ખાતામાં રકમ પોલીસ તપાસ દરમ્યાન સીઝ કરેલ હોવાનું અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવો જોતાં જણાય આવે છે.

આમ, અરજદારની અરજીની હકીકત ધ્યાને લેતાં, અરજદારને જો તે નાણાં પરત સોંપવા અંગે હુકમ કરવામાં ન આવે તો અરજદારને આર્થિક નુકશાની જાય તેમજ અરજદારને આર્થિક નુકશાની સહન કરવી પડે તેમ છે. તેમજ કહેવાતા નાણાં શંકાસ્પદ ખાતામાં જમા થયા બાદ તપાસ કરનાર અમલદાર દ્વારા **ભારતીય**

**નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ–૧૦૬** મુજબ શંકાસ્પદ ખાતામાં ગયેલ રકમ સીઝ કર્યા બાદ **NCCRP SOP રિફંડ માર્ગદર્શિકા મુજબ,** તપાસ કરનાર અમલદાર દ્વારા ખાતાધારકને નોડલ ઓફીસર મારફત ઈ–મેઈલ મારફતે તે બાબતે જાણ કરી વાંધો રજુ કરવા જણાવવામાં આવેલ હોવા છતાં ખાતેદાર કે અન્ય વ્યકિત દ્વારા કોઈ વાંધો કે તકરાર રજુ કરવામાં આવેલ નથી કે તેવા નાણાં ઉપાડવા માટેનો પ્રયત્ન પણ કરવામાં આવેલો નથી ત્યારે આવી રકમ વધુ સમય માટે બેંક ખાતામાં હોલ્ડ પર બીન–વપરારી અવસ્થામાં ન રાખી મુકી હાલનાં અરજદારને પરત સોંપવા હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી જણાતુ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

રાણાવાવ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ટીકીટ **નં.31112250265197/2026** ની થયેલ કાર્યવાહી દરમ્યાન અરજદારની અરજી તથા તપાસ કરનાર અમલદારનાં રાણાવાવ પોલીસ સ્ટેશનના અભિપ્રાયમાં જણાવ્યા મુજબની વિગતે જમા થયેલી રકમ **રૂા.૪૫,૦૦૦/–(અંકે રૂપિયા પિસ્તાલીસ હજાર પુરા)** કે જે તપાસનાં કામે સીઝ કરાયેલ/હોલ્ડ પર રખાયેલ છે તે અરજદારને નીચેની શરતોને આધિન તેમના **HDFC BANK, Branch:Dhamnod, State: MADHYA PRADESH ACO.NO. 50100161171241** માં જમા કરાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આ માટેની જરૂરી કાર્યવાહી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

**શરતો :**

(૧) આ કામે જે બેંક ખાતામાંથી અરજદારને નાણાં ચુકવી આપવામાં આવે છે તે ખાતેદાર દ્વારા ભવિષ્યમાં જો કોઈ વાંધા–તકરાર લેવામાં આવે તો અરજદારને મળેલ રકમ કોર્ટમાં જમા કરાવવાની બાંહેધરી માટે અરજદારે તેઓને મળવાપાત્ર રકમની દોઢી રકમના સધ્ધર જામીન અને જાતમુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા.

(૨) આ કામે ત.ક.અ.ના અભિપ્રાય વંચાણે લેતાં તપાસ દરમ્યાન પ્રથમ દર્શનીય રીતે સાયબર ફ્રોડ થયેલ હોવાનું જાહેર થયેલ હોય તે બાબતની એફ.આઈ.આર. સંબંધીત પોલીસ સ્ટેશનમાં નોંધી તે બાબતે જરૂરી તપાસ કરી તે અંગેની કાર્યવાહીનો વિગતવારનો રીપોર્ટ અત્રે રજુ કરાવો.

અરજદાર તરફે જામીન રજુ થયા બાદ આ હુકમની યોગ્ય અમલવારી થવા માટે સબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજ તારીખ ૦૯મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬નાં રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૪/૨૦૨૬
સ્થળ : રાણાવાવ

**(નારાયણ લાલ શર્મા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાણાવાવ
**Code No.-GJ01439**